| | |
|---|---|
| श्री विद्या या विमुक्तये | **એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ**<br>નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.<br>**પ્રથમ પરીક્ષા - ૨૦૧૪**<br>તારીખ : ૧૯-૦૯-૨૦૧૪ ધોરણ : ૧૨ સમય : ૩:૦૦ કલાક<br>વાર : શુક્રવાર વિષય : અર્થશાસ્ત્ર ગુણ : ૧૦૦ |

## વિભાગ - A

**નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. દરેક પ્રશ્ન એક ગુણનો છે. (10)**

1. સમ ખરીદશક્તિ હેઠળ દરેક દેશની માથાદીઠ આવક કયા દેશની કિંમતોમાં ગણવામાં આવે છે.
   (A) ભારત (B) જાપાન
   (C) અમેરિકા (D) નોર્વે
2. ભારતમાં ૫૮ ટકા ખેડૂતો પાસે કેટલા ટકા જમીન માલિકી નોંધાયેલી છે.
   (A) 10% (B) 15%
   (C) 20% (D) 25%
3. 1990-91 થી 1991-2000 દરમિયાન માથાદીઠ આવકના સરેરાશ વાર્ષિક વૃદ્ધિદર કેટલો હતો ?
   (A) 0.3% (B) 3%
   (C) 1.53% (D) 3.73%
4. ભારતના આર્થિક ઈતિહાસમાં આધુનિક બેંકનો આરંભ ક્યારે થયો હતો.
   (A) 1730 (B) 1740
   (C) 1760 (D) 1770
5. ભારતમાં સૌ પ્રથમ તેલના ભંડારો ક્યાં પ્રાપ્ત થયા હતા ?
   (A) ઝારખંડ (B) ઓરિસ્સા
   (C) કેરલા (D) આસામ
6. ભારતમાં શિક્ષણ પાછળ ફાળવેલ રકમમાંથી કેટલા ટકા રકમ પ્રાથમિક શિક્ષણ પાછળ ખર્ચાય છે.
   (A) લગભગ 40% (B) લગભગ 50%
   (C) લગભગ 60% (D) લગભગ 70%
7. માનવવિકાસ આંકની દૃષ્ટિએ 172 દેશોમાં ભારતનો ક્રમ કેટલામો છે.
   (A) 120 (B) 122
   (C) 127 (D) 130
8. ભારતમાં વર્તમાનકાળમાં કઈ પંચ વર્ષિય યોજના અમલમાં છે.
   (A) 10મી (B) 11મી
   (C) 12મી (D) 13મી
9. 1991ની ઔદ્યોગિક નીતિ હેઠળ ભારત સરકારે કેટલા ક્ષેત્રો જાહેર વિભાગ માટે આરક્ષિત કર્યા છે.
   (A) 3 (B) 4
   (C) 5 (D) 6
10. 2001 માં ભારતની વસ્તીનો વાર્ષિક વૃદ્ધિ દર કેટલા ટકા હતો ?
    (A) 2.1% (B) 1.9%
    (C) 1.8% (D) 1.6%

(પાછળ જુઓ)

## વિભાગ - B

**નીચેના પ્રશ્નનો એક કે બે વાક્યમાં જવાબ આપો. દરેક પ્રશ્ન એક ગુણનો છે. (10)**

11. તાર્કિક વિશ્લેષણ એટલે શું ?
12. પુનઃ પ્રાપ્ય થઈ શકે તેવા સંસાધનનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.
13. દ્વિતિય વિભાગમાં થતી આર્થિક પ્રવૃત્તિની કઈ ખાસ લાક્ષણિકતા રહી છે.
14. પાયાની સેવાઓ જથ્થો અને રાષ્ટ્રીય પેદાશ વચ્ચે શું સંબંધ છે.
15. ઔદ્યોગિક ક્ષેત્રે ખનીજ કોલસાના મુખ્ય વપરાશકર્તા કોણ છે.
16. આયાત-અવેજીકરણ એટલે શું ?
17. 1965-66 થી 1980 સુધીના સમયગાળાને ઔદ્યોગિક સ્થગિતતાનો સમય કેમ કહેવામાં આવે છે.
18. વૈશ્વિકીકરણની દિશામાં થયેલા સુધારાઓ એ કયા બે કામ કર્યા ?
19. સાયમન કુઝનેટ નામના અર્થશાસ્ત્રીનું પ્રદુષણ અંગે શું માનવું છે ?
20. ગરીબી રેખા એટલે શું ?

## વિભાગ - C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેક પ્રશ્નોના બે ગુણ છે. (28)**

21: સંપોષિત વિકાસનો અર્થ અને તેનું મહત્વ સમજાવો.

22. રાષ્ટિય આવક અને માથાદીઠ આવકનો તફાવત સ્પષ્ટ કરો.

**અથવા**

"આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ સમનાર્થી શબ્દો નથી" સમજાવો.

23. સામાજિક આંતરમાળખાનું મહત્વ સમજાવો.

**અથવા**

આર્થિક આંતરમાળખું અને સામાજિક આંતરમાળખાનો તફાવત સ્પષ્ટ કરો.

24. આત્મ નિર્ભરતા અને સ્વાવલંબન એટલે શું ?
25. પાયાના મોટા ઉદ્યોગો એટલે શું ? આર્થિક નીતિઓની વ્યૂહરચનામાં તેમને કોણે અગત્યાનુક્રમ આપ્યો હતો ?
26. મૂડી વિનિવેશ એટલે શું ? આવા કોઈ પણ બે ભારતના એકમોના નામ આપો.
27. પ્રત્યક્ષ મૂડીરોકાણનો અર્થ આપી ભારતના આર્થિક અર્થતંત્ર પર તેની શું અસરો થઈ છે તે જણાવો.
28. 1921 નું વર્ષ 'મહાવિભાજક વર્ષ' કેમ કહેવાય છે ?
29. ભારતમાં ઊંચા વસ્તીવૃદ્ધિ દરના કારણો આપો.

**અથવા**

વસ્તી નિયંત્રણમાં શિક્ષણે શું ભાગ ભજવે છે.

30. ગરીબના ઘરમાં વધારાના બાળકનું આગમન જવાબદારી નહિ, પરંતુ અસ્કામત ગણાય છે - સમજાવો.
31. નિરપેક્ષ ગરિબિના નિર્ધારણ માટે રાષ્ટ્રીય સ્તરે અને આંતરરાષ્ટ્રીય સ્તેર કયું ધોરણ નક્કી કરવામાં આવ્યું છે ?
32. જવાહર ગ્રામ સમૃદ્ધિ યોજનાનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

33. સામાજિક વ્યવસ્થા ખર્ચ એટલે શું ?
34. પરિવર્તનશીલ વિનિમય દર એટલે શું ?

## વિભાગ - D

**નીચેના પ્રશ્નોના જવાબ આપો. દરેક પ્રશ્ન ત્રણ માર્કનો છે.** (27)

35. ભારતમાં રેલવે વ્યવહાર પર એક ટૂંકનોંધ લખો.
36. ટૂંકનોંધ લખો : નાના પાયાના એકમોનું મહત્વ.
37. "તંદુરસ્ત શ્રમિકો દેશના આર્થિક વિકાસ માટેની પૂર્વશરત ગણી શકાય" - સમજાવો.
38. ખાનગીકરણ એટલે શું ? તેના મુખ્ય ઉદ્દેશો જણાવો.
39. ઉદારીકરણનો અર્થ સમજાવી તેની ભારતીય અર્થતંત્ર પર અસરો જણાવો.
40. 2000ની વસ્તીનીતિની રચના કોણે કરી, તેના મુખ્ય ઉદેશો જણાવો.
41. સાપેક્ષ ગરીબી અને નિરપેક્ષ ગરીબીનો તફાવત સ્પષ્ટ કરો.
42. સુવર્ણ જયંતી ગ્રામ રોજગાર યોજના પર ટૂંકનોંધ લખો.

**અથવા**

સુવર્ણ જયંતી શહેરી રોજગાર યોજના પર ટૂંકનોંધ લખો.

43. 'વસ્તી વિસ્ફોટ' એટલે શું ? તેના મુખ્ય કારણો જણાવો.

## વિભાગ - E

**નીચેના પ્રશ્નોના વિગતવાર જવાબો આપો. દરેક પ્રશ્ન પાંચ ગુણનો છે.** (25)

44. આર્થિક આંતરમાળખાનું અર્થતંત્રમાં શું મહત્વ છે તે સમજાવો.
45. આર્થિક આયોજન એટલે શું ? તેના મુખ્ય ઉદ્દેશો સમજાવો.

**અથવા**

આર્થિક આયોજન એટલે શું ? તેની મર્યાદાઓની ચર્ચા કરો.

46. વસ્તી વૃદ્ધિ અને તેની આર્થિક વિકાસ પરની અસરો ચકાસો.
47. ગરીબીની સ્થિતિને હળવી કરવા માટે અમલમાં મૂકવામાં આવેલા સામાજિક સલામતીના કાર્યક્રમોની રૂપરેખા આપો.
48. નીચેની માહિતીને યોગ્ય આલેખમાં રજુ કરી તેનું વિશ્લેષણ કરો.

**ભારતમાં બેરોજગારી**

| બેરોજગારીના પ્રકાર (%)માં | 1987-88 | 1993-94 | 1999-2000 |
|---|---|---|---|
| લાંબાગાળાની બેરોજગારી | 3.77 | 2.56 | 2.81 |
| સાપ્તાહિક બેરોજગારી | 4.80 | 3.63 | 4.41 |
| દૈનિક બેરોજગારી | 6.09 | 6.03 | 7.32 |

• • •